# ઉત્થાન

॥ तमसो मा ज्योतिर्गमय ॥

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત

## શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.

(Accredited By NAAC : 'B+' Grade)

વર્ષ-૧૦ જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૦૧૯ * વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/- * છૂટક નકલ રૂા. ૫/- સળંગ અંક : ૫૯



**તંત્રી શ્રી :**
પ્રિ. ડૉ. વિમલ જોશી

**મદદનીશ તંત્રીશ્રી :**
શ્રી સુમનભાઇ પારેખ (ગ્રંથપાલ)
ડૉ. કે. આર. વણકર
પ્રો. બી.ડી. જોશી
ડૉ. ગિરીશ ચૌધરી

**વિદ્યાર્થી સંપાદકો :**
સંજય એમ. ઠાકોર
રાજેશ કે. પરમાર
સોની અર્થકુમાર ડી.
પટેલ મિત
ખલીફા મુસ્કાન એમ.
રાઠોડ મહેન્દ્ર

**ફોટોગ્રાફર**
શ્રી રાજુ એસ. પરમાર



**પ્રકાશક :**
શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.
પોસ્ટ બોક્સ નં. : ૨૩
મું. પેટલાદ-૩૮૮ ૪૫૦.
જી. આણંદ - ગુજરાત
ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬

Website : www.petladcollege.org.in
Email :petladarts&science@gmail.com


તંત્રી સ્થાને...

## રાષ્ટ્રીયતા અને ભારતીયતાની ભાવનાઓને ઉજમાળી બનાવીએ.....

હમણાં જ આપણે પ્રજાસત્તાક પર્વની ઉજવણી થકી આપણી રાષ્ટ્રીયતાની ભાવના ચરિતાર્થ કરી. રાષ્ટ્રીયતાની ભાવના વિશે ક.મા. મુનશીએ લખ્યું છે - ''પોતાના દેશ માટેનું મમત્વ, પોતાના દેશની આગવી અસ્મિતાની પરખ અને તે અસ્મિતાનાં રક્ષણ અને વૃદ્ધિ માટેની ઝંખના રાષ્ટ્રીયતાની ભાવનાના અંશો છે.'' આપણા દેશમાં રાષ્ટ્રીયતાનું વાતાવરણ સર્જવામાં અનેકોનું યોગદાન રહ્યું છે. એમના વિચારો, ભાવના અને જીવનકર્તવ્યમાંથી પ્રેરણા લઇ આપણે સૌએ વિદ્યાભ્યાસની સાથે ભારતીય નાગરિક તરીકે રાષ્ટ્રીયતાની ભાવનાને દીપાવવાની છે.

આપણે સૌ વૈદિક ભારતીય ભદ્ર સંસ્કૃતિના સંવાહકો છીએ, 'વસુધૈવ કુટુંબકમ્'ની ઉદાત ભાવના અને ઉજ્જવળ પરંપરાઓ આપણી સંસ્કૃતિની ઓળખ છે. આપણી ઉજ્જવળ પરંપરાઓને આત્મસાત કરી રાષ્ટ્રની આવતીકાલને વધુ ઉજ્જવળ અને ગૌરવવંતી બનાવવાની જવાબદારી આપણા સૌની છે. વૈદિકકાળથી લઇને આજ સુધીમાં આપણા તપસ્વી ઋષિમુનિઓ, મહામનીષીઓ, સંતો, તત્ત્વચિંતકો, વૈજ્ઞાનિકો, કેળવણીકારો અને સમર્થ સાહિત્ય સર્જકોએ આપણને શ્રેષ્ઠ વિચારો, આદર્શો અને સનાતન મૂલ્યોનું ભાથું પૂરું પાડયું છે અને હજું પણ એ કાર્ય સુપેરે કરતા રહ્યા છે. આપણા દેશમાં ભારતીયતાને દીપાવતી અને મહેકાવતી અનેક વિચારધારા વિદ્યમાન હોય ત્યારે વિવેકબુદ્ધિથી આદર્શ ભાવનાઓ અને સદ્‌વિચારોનો સમન્વય રચી ભારતીયતાની સુગંધ પ્રગટે એવું વાતાવરણ આપણે જ સર્જવાનું છે.

વૈવિધ્યસભર ભારતીય સંસ્કૃતિમાં ''પૂણત્વ'' અને ''અભેદ''નું મહિમાગાન પરાપૂર્વથી થતું રહ્યું છે. આદિશંકરાચાર્યએ અદ્વૈત સિદ્ધાંતની ભેટ આપણને આપી છે. એમાંથી પ્રેરણા લઇ સાંપ્રત સમયમાં પ્રવર્તતા અનેક વાદોથી ઉપર ઉઠી અભેદની દિશામાં આગળ વધી આપણે માનવતાને દીપાવીએ. આપણું મન-મસ્તિષ્ક ભારતીય આત્માથી સભર હોય. આપણે વિદ્યાભ્યાસ થકી એવું જ્ઞાન અર્જિત કરીએ જેનાથી સ્વ, કુટુંબ અને રાષ્ટ્રનું કલ્યાણ થાય એવી સંવેદનશીલ વિચારધારા અને બૌદ્ધિક આબોહવાનું સર્જન કરીએ. આપણે સંકુચિતતા, નિજી સ્વાર્થ અને દુર્ભાવને ત્યજીશું અને સદ્‌ભાવ-સદ્‌વિચારનું વાવેતર-ઉછેર કરીશું તો જરૂર આપણી રાષ્ટ્રીયતા અને ભારતીયતાની ભાવના દીપી ઉઠશે.

- પ્રિ. ડૉ. વિમલ જોશી

# ૨૧ મી સદીની મોટી સમસ્યા : બેરોજગારી

બેરોજગારીની સમસ્યા એ ભારતની વર્તમાન આર્થિક સમસ્યાઓ પૈકીની એક ગંભીર સમસ્યા છે. આયોજનના પાંચ દાયકા બાદ પણ આ સમસ્યાનો અસરકારક ઉકેલ લાવી શકાયો નથી. અલબત, એ સાચું છે કે પંચવર્ષીય યોજનાઓ દરમિયાન અર્થતંત્રના જુદાં-જુદાં ક્ષેત્રોમાં રોજગારીની તકોમાં વધારો થયો છે. પરતુ વધતી જતી રોજગારીની માંગના સંદર્ભમાં આ વધારો ખૂબ જ અપૂરતો જણાયો છે, જેને પરિણામે પ્રત્યેક યોજનાના અંતે બેરોજગારીનું પ્રમાણ ઉત્તરોતર ઊંચું રહેવા પામ્યું છે.

ભારત જેવા વિકાસમાન દેશમાં બેરોજગારીની સમસ્યા એ માત્ર ટૂંકાગાળા પૂરતી જ નથી. પરંતુ એક ''લાંબા ગાળાની અને ઊંડે ઘર કરી ગયેલી'' સમસ્યા છે. ભારતમાં બેરોજગારીનું સ્વરૂપ ''ઊંડે પ્રવેશી ચૂકેલી'' બેકારીના સ્વરૂપનું છે. અને તે અલ્પ વિકાસને લીધે સ્થગિત થઇ ગયેલાં સાધનો પર વસ્તીના દબાણને લીધે ઉદ્‌ભવી છે. આ બેરોજગારી કોઇ એક જ્ઞાતિ કે વર્ગ પૂરતી મર્યાદિત નથી, કોઇ એક જ પ્રદેશ કે વિસ્તારમાં તેણે પગદંડી જમાવી નથી. પરંતુ તે તો પ્રજાના દરેક વર્ગમાં અને અર્થતંત્રના દરેક ક્ષેત્રમાં જોવા મળે છે. સમસ્યાનું મૂળભૂત હાર્દ મૂડી અને અન્ય વાસ્તવિક સાધનોમાં એકધારો વધારો કરી રોજગારીની તકોમાં વધારો કરવાનું છે.

ભારતમાં મોટા ભાગની બેરોજગારી ગ્રામ્ય વિસ્તારોમાં પ્રવર્તતી હોય છે. આ બેરોજગારી મોસમી અને ગુપ્ત બેરોજગારી સ્વરૂપમાં જોવા મળે છે. દેશની લગભગ ૫૭.૪ ટકા જેટલી વસ્તી ગામડામાં વસે છે. અને ગ્રામ્ય વિસ્તારમાં વસતા લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. પરંતુ આ વ્યવસાય તેમાં રોકાયેલા લોકોને ભાગ્યે જ બારેમાસ કામ આપે છે, પરિણામે વર્ષના અમુક મહિના તેઓને બેકાર રહેવું પડે છે અને બેરોજગારી વિસ્તરે છે. ભારત જેવાં અલ્પવિકસિત દેશોમાં ખાસ કરીને ખેતીક્ષેત્રમાં તે જોવા મળે છે. આ પ્રકારની બેકારીની લાક્ષણિકતા એ છે કે બાહ્ય દૃષ્ટિએ આપણને એમ જણાય છે કે લોકો કામે લાગેલા છે. અથવા રોજગારી મેળવતા લાગે છે. પરંતુ વાસ્તવમાં જોઇએ તો તેઓ બેકાર જ છે, પણ સ્પષ્ટ રીતે તેઓ બેકાર જણાતા નહિ હોવાથી તેને ગુપ્ત બેકારી તરીકે ઓળખવામાં આવે છે.

ભારતમાં ઔદ્યોગિક બેરોજગારી માટેનું મુખ્ય કારણ મંદ ઔદ્યોગિક વિકાસ અને અયોગ્ય ટેકનોલોજીના ઉપયોગને ગણાવી શકાય. ઔદ્યોગિક ક્ષેત્રે બેરોજગારી એક રીતે જોઇએ તો તે મહદંશે ગ્રામ્ય બેકારીનો જ પરિપાક અને ફરજંદ છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી રોજગારીની શોધમાં શહેરો તરફ વસ્તીના સ્થળાંતરને લીધે શહેરોમાં વસ્તીનું પ્રમાણ ઝડપથી વધતું રહ્યું છે. વળી, ખેતીની મોસમ ન હોય ત્યારે પણ કેટલાંક લોકો ઔદ્યોગિક કેન્દ્રોમાં રોજગારી માટે આવતાં હોય છે. આ બધાંને લીધે પણ ઔદ્યોગિક બેરોજગારીનો પ્રશ્ન વિકટ બને છે.

શિક્ષિત બેકારોનો પ્રશ્ન એ આપણી બેરોજગારીની સમસ્યાનું એક મહત્ત્વનું પાસું છે. શિક્ષણની તકોમાં વધારો થવાની સાથે તેને અનુરૂપ રોજગારીની તકોમાં વધારો થયેલો જોવા મળતો નથી. દર વર્ષે માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે, બીજી તરફ તેઓ માટે પૂરતી રોજગારીની તકો ન સર્જાતાં શિક્ષિત વર્ગમાં બેરોજગારીની ગંભીર સમસ્યા ઊભી થવા પામે છે. ટેકનિકલ જ્ઞાન કે કોઇ ખાસ કૌશલ્ય અથવા કોઇ વ્યવસાયલક્ષી તાલીમ વિનાના સ્નાતકો અને અનુસ્નાતકોની સંખ્યા એકધારી વધતી જાય છે. આ દિશામાં સક્રિય પગલાં ન લેવાતાં શિક્ષિત બેકારોનો પ્રશ્ન દિન-પ્રતિદિન વધુ વિકટ બનતો જાય છે.

દેશમાં શિક્ષણનું પ્રમાણ જેમ-જેમ વધતું જાય છે તેમ-તેમ બેરોજગારીનું પ્રમાણ પણ વધતું જાય છે. અભણ લોકોની બેરોજગારીની ટકાવારી કરતાં શિક્ષિત લોકોની ટકાવારી ઘણી ઊંચી છે. અને તેમાં પણ નીચલા સ્તરના પ્રાથમિક શિક્ષણની સરખામણીમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલાં યુવાનોની બેરોજગારીની ટકાવારીનું પ્રમાણ ઊંચું જણાય છે.

બેરોજગારીની આ પિરિસ્થિતિએ સરકારની આર્થિક નીતિની બિનઅસરકારકને ઉઘાડી પાડી દીધી છે. દેશના આર્થિક વિકાસનો દર વધવાં છતાં રોજગારીના પ્રમાણમાં ઇચ્છનીય વધારો કરી શકાયો નથી. બેરોજગારી અને ગરીબાઇ એ બન્ને જોડિયાં બહેનો છે. જયાં સુધી રોજગારીની સ્થિતિ સુધારી ન શકાય ત્યાં સુધી ગરીબાઇ નિવારણ લગભગ અસંભવ છે.

બેરોજગારીની સમસ્યા હળવી કરવાના એક અગત્ત્યના ઉપાય તરીકે નાના ઉદ્યોગો અને ગૃહઉદ્યોગોના વિકાસ પર ભાર સભર ભાર મૂકવામાં આવે એ અત્યંત આવશ્યક છે. સિંચાઇ, કોલ્ડ સ્ટોરેજ, રસ્તાઓ જેવી યોજનાઓમાં વિશાળ પાયા પર મૂડી રોકાણ કરવામાં આવે તો કૃષિ ક્ષેત્રે રોજગારીમાં સારો એવો ઘટાડો કરી શકાય છે, તેમાંય સિંચાઇની સુવિધાઓમાં વૃદ્ધિ થતાં ભારે માત્રામાં રોજગારીનું સર્જન થઇ શકે છે. શાકભાજી, ફૂલ, અથાણાં - મુરબ્બા વગેરે કૃષિ પેદાશો માટે નિકાસની બહોળી શકયતાઓ છે.

કેવળ વેતનયુક્ત રોજગારીની તકોની વિસ્તરણથી જ બેરોજગારીની સમસ્યા હલ થઇ શકશે નહિ, અને તેથી વેતનયુકત રોજગારીની સાથો-સાથ સ્વરોજગારીની વધુને વધુ તકોને પણ પ્રોત્સાહન આપવાનું રહેશે. આ માટે જુદા-જુદા ક્ષેત્રો માટેના ટૂંકા ગાળાના તાલીમ અભ્યાસક્રમો ખૂબ જ ઉપયોગી નીવડી શકે. દાખલા તરીકે સ્પિનિંગ, વિવિંગ, ટર્નિંગ, પ્લમ્બરિંગ, રેડિયો, રેફ્રિજરેટર એન્ડ ટી.વી. રિપેરીંગ, ઓટોમોબાઇલ રિપેરીંગ, ઇલેકટ્રોનિક્સ, કોમ્પ્યુટર સાયન્સ વગેરે ક્ષેત્રોની તાલીમ આપીને સ્વરોજગારીની તકો ઊભી કરી શકાય છે.

શિક્ષણ, તાલીમ અને સંશોધન, જાહેર આરોગ્ય, ગંદી ચાલીઓની નાબૂદી, વસવાટ, કુટુંબ સંશોધન, કુટુંબ કલ્યાણ કાર્યક્રમ જેવી સામાજિક સેવાઓના વિસ્તરણ દ્વારા પણ શિક્ષિત બેરોજગારોને રોજગારી પૂરી પાડી શકાય છે. એ જ રીતે રસ્તા વિકાસ, સંદેશા વ્યવહાર, વજ્ળીકરણ, પાણી, પુરવઠો જેવાં કાર્યક્રમો પણ રોજગારીની તકોમાં વધારો કરે છે.

બેરોજગારી હળવી કરવામાં રોજગાર વિનિમય કેન્દ્રો પણ મદદરૂપ થઇ શકે છે. આ કેન્દ્રો કામ શોધતા કામદારો અને કામ આપવા માંગતા માલિકો વચ્ચે કડી તરીકે કાર્ય કરે છે. આ કેન્દ્રો દ્વારા કામ શોધતા લોકોને તેમની લાયકાત અને અનુભવ પ્રમાણે કયાં કામ મળી રહે એમ છે તે અંગેની વિશ્વસનીય માહિતી અને માર્ગદર્શન આપે છે.

બેરોજગારીના પ્રશ્નને હલ કરવામાં શ્રમ સુધારાઓની પણ મહત્ત્વની ભૂમિકા છે. શ્રમ-સુધારાઓ એટલે શ્રમનો વધારેમાં વધારે ઉત્પાદક ઉપયોગ થાય તેવા સુધારાઓ આ માટે ખેતી, ઉદ્યોગ અને અન્ય ક્ષેત્રોની દિશા અને દશા બદલવી જોઇએ. મહાત્મા ગાંધીજી કહેતા કે, આપણે ત્યાં શ્રમની વિપુલતા છે, આથી તેનો વધુમાં વધુ ઉપયોગ થાય તેવી ઉત્પાદન પદ્ધતિ અપનાવવી ઘટે.

બેરોજગારી એટલે અનૈચ્છિક બેરોજગારી, વ્યક્તિ કામ કરવા તૈયાર હોય છતાં તેને કામ ન મળે તો એ અનૈચ્છિક બેરોજગારી છે. બેરોજગારીની મુખ્ય ત્રણ પ્રકારો છે. માળખાગત બેરોજગારી, ચક્રિય બેરોજગારી અને સંઘર્ષજન્ય બેરોજગારી. ભારતમાં માળખાગત બેરોજગારી જુદા-જુદા સ્થળે જુદા-જુદા સ્વરૂપમાં જોવા મળે છે.

ભારતમાં બેરોજગારીના કારણો નીચે મુજબ છે :

(અનુ. સં. પાન ૩ ઉપર...)

વસ્તીવારો : શિક્ષિત યુવક-યુવતીઓમાં માત્ર સૈદ્ધાંતિક જ્ઞાન, તેમનામાં ટેકનિકલ અને પ્રાયોગિક જ્ઞાન કે કૌશલ્યનો અભાવ.
દેશના ઔદ્યોગિક વિકાસના ધીમા દરને કારણે પૂર્ણ કક્ષાની રોજગારી ઊભી કરવામાં મળેલી નિષ્ફળતા.
કૃષિક્ષેત્રે વરસાદની અનિયમિતતા અને સિંચાઈની અપૂરતી સગવડો તેમજ ખેતીના વ્યવસાયમાં જોખમનું વધેલું પ્રમાણ.
આજના યુવાનોમાં કૃષિ-વ્યવસાય પ્રત્યે ઉદાસિતા.
ગ્રામોદ્યોગ, કુટિર ઉદ્યોગો અને લઘુઉદ્યોગોની નબળી સ્થિતિ.
નવા ધંધા - ઉદ્યોગો શરૂ કરવા માટે યુવાનોમાં સાહસોનો અભાવ.
યુવાનોમાં ટેકનિકલ જ્ઞાન, તાલીમ કે અનુભવોનો અભાવ.
બચતોમાં ઓછા પ્રમાણને કારણે નવા મૂડીસર્જનના દરમાં ઘટાડો.

એક તરફ ભરતી જેવા મેળા યોજી બેરોજગાર યુવકોને રોજગારી મળતી હોવાનો દાવો કરે છે ત્યારે મૂળ મધ્યપ્રદેશના અને હાલ ગોધરા ખાતે રહેતા અને ઉચ્ચ અભ્યાસ ધરાવતા યુવકે નોકરી ન મળતી હોવાના કારણે ગોધરાના બામરોલી રોડ પર આવેલ ભવાનીનગર પાસે બૂટ ચંપલ રિપેરીંગ સેન્ટર ફૂટપાથ પર ચાલુ કર્યુ છે. અને જે સેન્ટરનું નામ રાખવામાં આવ્યું છે, શિક્ષિત બેરોજગાર દ્વારા સંચાલિત બૂટ ચંપલ રિપેરીંગ સેન્ટર. ચોકકસથી સૌને એક સમયે આશ્ચર્ય તો થાય પરંતુ હકીકત ખરેખર સાચી છે કે ઉચ્ચ અભ્યાસ ધરાવતા યુવકે સરકારના અનેક ભરતી મેળામાં રોજગારી મેળવવા માટે ફોર્મ મર્યા પરંતુ ન તો નોકરી મળી ન તો કોઇ ખાનગી કંપનીમાં એપ્રેન્ટીસમાં પ્રવેશ મળ્યો અને આખરે પોતાનું જીવન નિર્વાહ કરવા માટે ફુટપાથ પર બૂટ ચંપલ રિપેરીંગનો સ્ટોલ લગાવીને માસિક છ થી આઠ હજારની આવક મેળવી રહ્યો છે. અને પોતાનું જીવન નિર્વાહ કરી રહ્યો છે.

મોટી મોટી ડિગ્રીઓ હોવા છતાં યુનિવર્સીટી માટેના તમામ દરવાજા બંધ હોય છે. 'સ્પર્ધાત્મક પરિક્ષાઓ' પછી પણ તેમને તક મળતી નથી. સરકારી નોકરીઓમાં પણ ઓછાને તક મળે છે. પ્રાઇવેટ સેકટરમાં પણ હાલમાં રોજગારી સાવ ઓછી છે. ઉદ્યોગ કરવો પણ મુશ્કેલ છે કેમ કે બજારમાં ફરતા નથી. જેઓ વતન છોડી શહેરમાં સેટલ થયા છે તેઓ પાછા ફરી શકતા નથી. કેમ કે હવે ખેતીકામનો તેમને અનુભવ છે અને છેવટે ભણેલાઓને કોઇ ખેતી કામ કરવાની નાનમ અનુભવાય છે ને છેવટે ભણેલાઓને કોઇ દિશા ન હોવાને કારણે કયારેક ચોરી કરવા જેવા કુમાર્ગે ચડી જાય છે. આ દુર્ગમ પરિસ્થિતિનું મૂળ કારણ ટેકનોલોજી છે. આજ સુધી મેન્યુફેકચરિંગ ક્ષેત્રે રોજગારી મળી રહેતી હતી, જેમ કે કાપડના સિલાઇકામ કરવું વગેરે....પણ હવે આ પ્રકારના કામો રોબોટ કરી રહ્યા છે. અરે, હવે તો એવી ફેકટરીઓ બને છે જેમાં એક પણ કામ કરવાવાળો હોતો નથી બધું જ કામ રોબોટસ કરી રહ્યા છે. હવે રેસ્ટોરન્ટમાં પણ એવાં રોસ્ટોરન્ટ ખૂલી રહ્યાં છે જેમાં રોબોટસ જ તમામ કામ કરતાં રોજગાર હનનનું આ કાર્ય હવે સેવાક્ષેત્રે પણ ઘૂસ્યું છે.

આમ, નવી-નવી ટેકનોલોજી, કમ્પ્યુટર, મશીનો વગેરેથી ઝડપી કામ થવાની સાથે કામ ન મળતા માનવીય સમાજ-દેશમાં બેરોજગારી વધુ પ્રમાણમાં જોવા મળતાં બેરોજગારી જેવી મોટી સમસ્યા વિસરી રહી છે.

પઠાણ તસ્કીનબાનુ મુબારસખાન - બી.એ., સેમ-૪, (ગુજરાતી) રોલ નં. ૩૩

## એક સળગાવેલી બસની કથા કહેતી કવિતા.....

પંચાણું ટકા સળગી ગયેલી બસે અંતિમ શ્વાસ લેતાં પહેલાં કહ્યું,
યાદ છે તમને? રોડ ઉપર બાંધેલી છાપરીવાળા બસ સ્ટેન્ડે બેઠાં બેઠાં તો તમે દસ વાર પૂછી લેતા,
'બસ કયારે આવશે? બસ કયારે આવશે ?'
અને હું આવું ત્યારે હોંશે હોંશે ગોઠવાઇ જતાં બારી પાસે અને નાની નાની હથેળીઓ બહાર કાઢીને....
આવજો.... આવજો... થી ભરી મૂકતા હતા સખી સીમને...યાદ છે તમને....?
બ્લ્યુ ચડ્ડી અને સફેદ શર્ટ પહેરી, નાનકડું દફતર લટકાવી તમે ઊભા રહેતા હતા. ગામના વડલાની નીચે મારી રાહ જોતા... અને હું આવું એટલે કૂદી પડતાં મારી સીટ પર, જાણે માનો ખોળો ખૂંદતા હોય ને એ રીતે..... યાદ છે ને તમને ?
હટાણું કરવા ગયેલા બાપુને લઇને મોતિયો ઉતરાવવા ગયેલી માને લઇને, ભાણેજ સાથે પિયર રહેવા આવતી બહેનને લઇને, નિશાળે ભણવા ગયેલી દીકરીને લઇને તમારી પેઢી દર પેઢીએ મૂકેલા વિશ્વાસને લઇને રોજ સાંજે હું જ તો પછી આવતી હતી. તમારા ગામમાં......
મને સળગાવતાં પહેલાં તમારા હાથ કંપી તો ઊઠ્યા જ હશે, પણ તમને માણસમાંથી ટોળું બનાવી નાંખતા એ લોકોને એટલું તો પૂછી જોજોજ, ''તમે કયારેય બસમાં બેઠા છો ખરા...?''
હમણાં જ આપણે ત્યાં વિરોધનો વંટોળ ચાલી રહ્યો છે. એમાંય પદ્મમાવતીના વિરોધે તો આખું દેશ ગાંડું કર્યું. પદ્મમાવતી રિલીઝ થવાના સમયે ખાસ્સાં તોફાન ફાટી નીકળ્યાં. અમુક અસામાજિક તત્ત્વોએ બાઇક અને બસો પણ સળગાવી. નિર્જીવ વાહનોને જીભ નથી હોતી કે તે બોલી શકે, પણ એક કવિની કલમમાં આવા નિર્જીવ વાહનોને પણ જીભ આપતી હોય છે. વર્તમાન સમય પર અને બસ સળગાવનાર એ લોકો પર ધારદાર કટાક્ષ કરે છે આ કવિતા.....
બસ પોતે જ પોતાની વાત કરી રહી છે. બસ આખી સળગી ગઇ છે. અંતિમ શ્વાસ લઇ રહી છે. છેલ્લાં શ્વાસે તે સૌને કહી રહી છે યાદ છે ? તમને ? યાદ છે ? કહેતાની સાથે બસ સાથે જોડાયેલા કેટલાંય સ્મરણો આપણી સામે તાદશ્ય થઇ જાય છે. જે લોકો રેગ્યુલર બસમાં બેસે છે. બસના પ્રવાસી છે તેમને તો બધું આંખ સામે છતું થતું હશે. કવિએ અહીં એવી અનેક સંવેદનશીલ બસની વાત એક બસના મુખે કરી છે.

પઠાણ તસ્કીનબાનુ મુબારસખાન - બી.એ., સેમ-૪, (ગુજરાતી) રોલ નં. ૩૩

## એક અનોખો પરિચય



- પરમવીર ચક્ર એ ભારતનો સર્વોચ્ચ સેના ચંદ્રક-પુરસ્કાર છે. આ ચંદ્રક દુશ્મનો સામે અભૂતપૂર્વ શૌર્ય પ્રદર્શન અને દેશ માટે બલિદાનની ભાવના બદલ આપવામાં આવે છે. આ ચંદ્રક દ્વારા બ્રિટીશ વિકટોરિયા કોસ, યુ. એસ. મેડલ ઓફ ઓનર કે ફ્રેન્ચ લીજન ઓફ ઓનર જેવા દુનિયાના શ્રેષ્ઠ સન્માનોની સમકક્ષ ગણાય છે.
- આ પદની રચના ૨૬ મી જાન્યુઆરી, ૧૯૫૦ (પ્રથમ ગણતંત્ર દિવસ) ના રોજ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલ જેનો અમલ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ (પ્રથમ સ્વતંત્રત્રા દિવસ) થી ગણવામાં કે ઠરાવવામાં આવેલ. આ એવોર્ડ સેનાની ત્રણે પાંખના (ભૂમિદળ, નૌકાદળ, હવાઇદળ) ના જવાનો અને અધિકારીઓને એનાયત કરવામાં આવે છે. આ ખિતાબ ભારત સરકારના ભારત રત્ન પછીનો દ્વિતીય ક્રમનો ગણાય છે. જે આઝાદી પૂર્વેના બ્રિટીશ વિક્ટોરિયા કોસનું સ્થાન પામે છે.

તળપદા ગોવિંદભાઇ એસ.
રોલ નં. ૦૪, બી.એ. સેમ-૬ (ગુજરાતી)

# રક્તદાનનું મહત્વ

(૧) લોહી શું છે ? લોહી પ્રવાહી સંજયોક પેશી છે.

આપણું લોહી જુદા-જુદા ઘટકોનું બનેલું છે. લોહીનો પ્રવાહી ભાગ રૂધિરરસ અથવા પ્લાઝમા કહેવાય છે. રક્તમાં ૫૫.૬૦% પ્લાઝમા હોય છે. પ્લાઝમામાં ૯૨% ભાગ પાણી છે. બાકી ૮% પ્રોટીન, સુગર, ફેટ, વિટામિન અને અન્ય પોષકતત્ત્વો હોય છે. લોહીમાં ૪૦-૪૫% કોષો હોય છે. જેમાં (૧) રક્તકણો (૨) શ્વેતકણો (૩) ત્રાકકણોનો સમાવેશ થાય છે. જે શરીરને ચેતનવંતુ અને તંદુરસ્ત રાખવાનું કાર્ય કરે છે.

(૨) શરીરમાં કેટલું લોહી હોય છે ?

વૈજ્ઞાનિકોએ સાબિત કર્યું છે કે, કોઇપણ તંદુરસ્ત વ્યકિત પ્રતિ કિલો ૮ મિલીલિટર રક્તદાન કરી શકે છે.

- પુરુષમાં ૭૬ મિલીલિટર પ્રતિ કિલો લોહી હોય છે.
- સ્ત્રીમાં ૬૬ મિલીલિટર પ્રતિ કિલો લોહી હોય છે.

(૩) લોહીની જરૂરિયાત કયારે અને શા માટે ?

અકસ્માત સમયે, કુદરતી આફતોના સમયે, ઓપરેશન સમયે, પ્રસુતિ સમયે થતા માતાના મૃત્યુદરને અટકાવવા માટે, કેન્સર-થેલેસેમીયા-હિમોફીલીયા - સિકલસેલ - એનીમીયા વગેરે દર્દીઓને લાંબું આયુષ્ય મળે તે માટે.

(૪) લોહીની આડ અસરથી કેવી રીતે બચી શકાય ?

ઉપર દર્શાવેલ તમામ રોગની તપાસ કરીને જ લોહી ચઢાવવામાં આવે છે. પરંતુ કેટલીક વખત રક્તદાતાને હાલમાં જ ચેપ લાગ્યો હોય તો તપાસ કરવા છતાં રોગ પકડાતો નથી. આવા રોગોની શકયતા ઘટાડવા માટે સ્વૈચ્છિક અને નિયમિત રક્તદાતાનું લોહી હોય તે ઇચ્છનીય છે.

(૫) સ્વૈચ્છિક રક્તદાન શું છે ? રક્તદાન કોણ કરી શકે ?

કોઇ પણ પ્રકારની અપેક્ષા વગર રક્તદાન કરે તે જ ''સ્વૈચ્છિક રક્તદાન '' છે. જેમનાં લોહીમાં હિમોગ્લોબીનનું પ્રમાણ ૧૨.૫ ગ્રામ ટકાથી વધુ હોય, જેમનું વજન ૪૫ કિલો ગ્રામ કે તેથી વધુ હોય તેવી ૧૮ વર્ષ થી ૬૫ વર્ષની ઉંમરની કોઇ પણ તંદુરસ્ત વ્યકિત રક્તદાન કરી શકે છે. રક્તદાન સમયે ફકત ૩૫૦ મિલીલિટર લોહી લેવામાં આવે છે. ૫૫ કિલોગ્રામ કરતા વધારે વજન ધરાવતા દાતા હોય અને કમ્પોનન્ટની સુવિધાવાળી બ્લડબેંક હોય તો ૪૫૦ મિલીલિટર લોહી લેવામાં આવે છે. રક્તદાન કોઇપણ સરકાર માન્ય બ્લડબેંકમાં અથવા તો તેના દ્વારા યોજાતા રક્તદાન કેમ્પમાં થઇ શકે છે.

(૬) રક્તદાન પૂર્વેની જરૂરી સૂચનાઓ :

- ભૂખ્યા પેટે રક્તદાન ન કરવું જોઇએ. ઉપરાંત જમ્યા પછી તરત જ રક્તદાન કરવું હિતાવહ નથી. રક્તદાન પહેલાં પાણી પીવું હિતાવહ છે.
- તમાકુના સેવક પછી એક કલાક સુધી રક્તદાન ન કરી શકાય.
- રક્તદાતાને છેલ્લે એક વર્ષમાં કોઇ પણ પ્રકારની બીમારી થઇ હોય કે કોઇ પણ પ્રકારની દવા લેતા હોય તો તેણે બ્લડબેંકના ડોકટરને અવશ્ય જણાવવી. બ્લડબેંક સ્ટાફે આપેલ સૂચનાનો અમલ કરવો.

(૭) રક્તદાન પછીની કાળજી :

રક્તદાન કર્યા પછી ૧૫ મિનિટ બેસવું જરૂરી છે. જે દરમિયાન કોફી અને બિસ્કીટ લેવા જરૂરી છે. રક્તદાન પછીના ૨૪ કલાક સુધી દારૂનું સેવન કરવું નહીં. બે દિવસ સુધી ભારી કસરત કરવી નહીં. જો ચકકર જેવું લાગે તો આરામ કરી લેવો.

(૮) વર્ષમાં દરેક તંદુરસ્ત વ્યકિત ચાર વાર રક્તદાન કરી શકે.

(૯) રક્તદાનના ફાયદા :

રક્તદાન કરવાથી અજ્ઞાત માનવીની જિંદગી બચાવી શકાય છે. નિયમિત આરોગ્ય અને રક્તની ચકાસણી થાય છે. સ્ફૂર્તિ અનુભવાય છે. આત્મસંતોષ મળે છે. નિયમિત રક્તદાતાઓને હાર્ટએટેક આવવાની શકયતા ઘટી જાય છે.

(૧૦) જયારે રક્તદાતા ઘાતક બીમારીથી પીડાતા હોય ત્યારે તેમણે રક્તદાન ન કરવું જોઇએ.

(૧૧) હિમોગ્લોબીન વધારવા માટે નીચેનો ખોરાક લેવો જોઇએ :

- દેશી ગોળ તથા ચણા - ખજૂર - અંજીર - લીલા શાકભાજી
- ટામેટા - બીટ - રીંગણા - કોથમીર - ફુદીનો - સરગવો : ફુલાવર
- આ બધી વસ્તુઓ સાથે લીંબું, દહીં જેવાં ખાટા પદાર્થો લેવાથી અસર સારી થાય છે. ઉપરાંત ગાજર ખાવા જોઇએ.



# ॥ મારા પ્રવાસના અનુભવો ॥

હું એક NCC Cadet છું. મારું નામ કલ્પેશ છે. હું અને મારા સાથી મિત્રો NCC ના એક કેમ્પમાં ગયેલા. જે કેમ્પ જમ્મુ-કાશ્મીરમાં હતો. તે નું નામ હતું - "EBSB" એટલે કે "EK BHARAT SHRESHTHA BHARAT CAMP" આ કેમ્પમાં ગુજરાત અને જમ્મુ અને કાશ્મીરના લોકો સાથે હળીમળીને અને તેમના વિશે જાણવાનો "EBSB" કેમ્પ હતો.

આ "EBSB" કેમ્પ શ્રીનગરમાં રાખવામાં આવ્યો હતો. આ કેમ્પ જાકલી રેજીમેન્ટ સેન્ટરમાં હતો. અને તે પણ આર્મીવાળા સાથે હતો. તેથી આ કેમ્પમાં બધા આર્મીવાળા જમ્મુ અને કાશ્મીરના હતા.

જે કેમ્પ જમ્મુ-કાશ્મીરથી થોડે દૂર એટલે કે શ્રીનગરમાં યોજવામાં આવ્યો હતો. જેમાં એન.સી.સી. નો એક ધ્યેય હતો કે એન.સી.સી. ના કેડેટસ અલગ-અલગ રાજયને જાણી શકે. એમની રહેણી-કરણી, પહેરવેશ, ખાવા-પીવાની રીત-ભાત, ખાવાની ફેમશ વાનગીઓ વિશે માહિતી મળી હતી.

આ કેમ્પમાં કુલ ચાર રાજયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં જમ્મુ-કાશ્મીર, લદાખ, શ્રીનગર અને ગુજરાતનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ કેમ્પ ૨ જી મે થી ૧૩ મે સુધી હતો. અમને લગભગ ત્યાં જતાં બે દિવસ ટ્રેનમાં થયા હતા. અને એક દિવસ જમ્મુ-કાશ્મીરથી શ્રીનગર જતા થયો હતો.

ત્યાર બાદ લગભગ અમે રાત્રે ૧૧ કલાકે શ્રીનગર પહોંચી ગયા. ત્યાનું વાતાવરણ તો જાણે સ્વર્ગ જેવું હતું. પહાડી વિસ્તાર, ઠંડી, સવાર-સવારમાં પહાડો પર બરફ છવાઇ ગયો હોય એવું દશ્ય જોવા મળતું હતું. ત્યાં અમારું એટલે કે ગુજરાતનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતની અલગ-અલગ બટાલીયન હતી. જેવી કે, ૪ છોકરાની બટાલીયન અને ૪ છોકરીઓની બટાલીયન, ૧૩ બી.એન., ૩૦ બી. એન. વગેરે વી.વી. નગર ગ્રૃપની બટાલીયન હતી. અને વડોદરા ગ્રૃપ, અમદાવાદ ગ્રૃપ વગેરેના એન.સી.સી. કેડેટસ આવેલાં હતાં. અમે બધા ગુજરાતના હતા.

તમે નહીં માનો અમારું સ્વાગત વિચાર્યુ ન હોય તેવી રીતે કરવામાં આવ્યું હતું. એ કંઇક મારો અલગ અનુભવ હતો. અમારું સ્વાગત ઓપન એર થીયેટરમાં કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ હું પ્રવેશ્યો તો ત્યાંનું કોઇ લોકલ સંગીત વાગતું હતું. જેમાં મારું સ્વાગત હાથમાં કાશ્મીરી ફૂલ આપી, માથે તિલક કરી, ફૂલોથી વધાવી, મોં મીઠું કરાવી કરવામાં આવ્યું હતું. આ એક અલગ જ અનુભવ હતો. જેને તમે અનુભવ કરી શકો. પણ વર્ણન ના કરી શકો. એ વખતે જાણે હું એમના માટે કોઇ ખાસ વ્યકિત હોઉ એવો અનુભવ થતો હતો.

ત્યાં આગળ તેમનું પોતાનું એક અલગ જ સ્લોગન હતું જે.....

"AGAR FIRDOUS BAROYE ZAMEEN AST, HAMI ASTO, HAMI ASTO, HAMI ASTO" THAT MEANS "IT THERE IS PARADISE ON EARTH IT IS HERE, IT IS HERE, IT IS HERE."

અમને સવારના સમયે પી.ટી. ટાઇમ હોય અને તે પી.ટી. અમને અમારી બટાલીયનના સીંગોતીયા સાહેબ કરાવતા હતા. ત્યાબાદ બ્રેક ફાસ્ટ પછી અમારો કલાસ લેતા હતા. જેમાં અમને એકતા અને અનુશાસન વગેરે વિશે શિખવતા હતા. જેમાં અલગ-અલગ રાજયના કેડેટસ ઊભા થઇ ત્યાંની પ્રખ્યાત ખાવાની વાનગી તેમજ પહેરવેશ, ત્યાની સંસ્કૃતિ વિશે માહિતી આપતા હતા.

બીજા સાહેબ અમને બી.એસ.એફ. યુનિટમાં કેવી રીતે કામ કરી શકાય તે શિખવતા હતા. અમને એન.સી.સી. કેડેટસ હોવાના ફાયદા જણાવતા હતા. તમે કયાં કયાં જઇ શકો તે અમને કહેતા હતા. ભવિષ્ય કેવી રીતે બનાવશો વગેરેની સલાહ આપતા હતા.

વધારે જણાવા જઇશ તો કદાચ શબ્દ ઓછા પડશે. માટે હું એટલું જ કહીશ કે છેલ્લા દિવસે અમારો સાંસ્કૃતિક કાર્યક્રમ રાખ્યો હતો. જેમાં કેટલાક મારા જેવા કેડેટસે પણ ભાગ લીધો હતો. જેમાં ગુજરાતના પ્રખ્યાત ગરબા હતા. પંજાબી ગ્રૃપ ડાન્સ, લદાખનું સાંસ્કૃતિક ગીત વગેરે જેવી સ્પર્ધા હતી. અને લાસ્ટમાં કાર્યક્રમમાં ભાગ લેનારને ગોલ્ડ તથા સિલ્વર મેડલ આપી ત્યાનું પ્રમાણપત્ર આપી સમ્માન કરવામાં આવ્યું હતું. અને સાહેબે સરસ પ્રોત્સાહક ભાષણ આપ્યું હતું. અને એન.સી.સી. સૉંગ ગાઇ કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

ત્યારબાદ અમે લોકો બીજા દિવસે સવારે ૫ : ૦૦ વાગ્યે ગુજરાત પાછા આવવા રવાના થયા. અમને જમ્મુ ઝુ પાર્ક મ્યુઝિયમમાં લઇ ગયા. જ્યાં આર્મી ઓફિસરની સારી સિધ્ધિઓ હતી. અમે લોકએ શાહીબાગ, રાણીમહેલ, મુઘલશાહ ગાર્ડનમાં આ બધાં સ્થળોની મુલાકાત લીધી.. હું અને મારા મિત્રોએ ત્યાં બહુ જ આનંદ કર્યો.

ત્યારબાદ જમીને અમે લોકો જમ્મુના લાઇફ સ્ટાઇલ નામના મોલમાં ફરવા ગયા હતા. અને બપોર પછી અમને એક મુવી જોવા લઇ ગયા હતા. જેનું નામ હતું રાઝી મુવી ખૂબ જ સરસ હતું. ખૂબ જ આનંદ કર્યો મિત્રો સાથે. અને સારી રીતે ગુજરાત પાછા આવ્યા.

આ મારો ખૂબ જ યાદગાર પ્રવાસ રહ્યો હતો.

કલ્પેશ એસ. વાઘરી

બી.એ.- સેમ-૬

રોલ નંબર-૪૫ (સમાજશાસ્ત્ર)

# સૃષ્ટિનો છે એક જ પોકાર....
# દીકરી બચાવી કરો ઉદ્ધાર....




સ્વતંત્રતા પ્રાપ્તિના ઘણા વર્ષો પછી પણ આપણા દેશમાં હજી કેટલાક સમાજમાં ખોટી અંધશ્રદ્ધાઓ, અજ્ઞાન, વહેમો જેવા સામાજિક દૂષણો પ્રવર્તે છે, જે સમાજનો એક પ્રકારનો મોટો સડો છે. તે દેશના વિકાસને આડકતરી રીતે રુંધવાનો પ્રયત્ન કરે છે. ઊંચ નીચના ભેદ, અસ્પૃશ્યતા, શોષણ, જાતીય અસમાનતા, દહેજપ્રથા તથા ભ્રૂણહત્યા - આ સામાજિક દૂષણો કેટલાક વર્ષોથી આપણા દેશમાં ઘર કરી ગયેલાં છે. ધીરે ધીરે આવા દૂષણોનું પ્રમાણ વધતું ગયું છે. જે આપણા માટે ગંભીર બાબત છે.

ગર્ભમાંના બાળકની જાતિ સ્ત્રી હોવાનું જણાતાં ભ્રૂણહત્યા કરાવતા દંપતીઓની સંખ્યા દિવસે-દિવસે ઘણી વધી ગઇ છે. ડોક્ટરો પણ આર્થિક કમાણીના મોહમાં આવા જઘન્ય કૃત્યો કરતાં જરા પણ અચકાતા નથી. ભ્રૂણહત્યા મોટે ભાગે દીકરીઓની જ થતી હોય છે. જેથી કન્યા જન્મનું પ્રમાણ દિન-પ્રતિદિન ઓછું થતું ગયું છે. વર્ષ ૨૦૦૧ ની વસ્તી ગણતરી પ્રમાણે સ્ત્રી-પુરુષનું જાતીય પ્રમાણ ૯૩૩ : ૧૦૦૦ છે. આ આંકડાઓ સ્પષ્ટ રીતે બતાવે છે કે ૧૦૦૦ પુરુષોએ ૯૩૩ સ્ત્રીઓ છે. જે ખૂબ જ ચિંતાજનક છે. આપણી પુરુષ પ્રધાન સંસ્કૃતિ આજે પણ પુત્ર - પુત્રીની ભેદરેખા ભૂંસી શકેલ નથી. દીકરી હોવાનું માલુમ પડતાં જ ગર્ભપાત કરાવવા માટે યુવતી પર દબાણ કરવામાં આવે છે. કેટલાક કિસ્સાઓમાં તો સ્ત્રીની ઇચ્છા ન હોવા છતાં ઘરના સભ્યોના આગ્રહને કારણે લાચાર બની ભ્રૂણહત્યા કરાવવામાં આવે છે. પુત્ર જન્મની ઘેલછા એટલા માટે કે તે ઘડપણનો સહારો બનશે, પોતાનો વંશવેલો આગળ વધારી શકશે. અંતિમક્રિયા જેવી ધાર્મિક વિધિમાં પુત્ર જ જોઇએ. પુત્રી પિંડદાન કરી શકે નહીં, તેવી માન્યતાઓ પ્રવર્તે છે. પુત્રીઓને પોતાના કુટુંબની આવકમાં હિસ્સો આપનાર તરીકે જોવામાં આવતી નથી. પુત્રીને આર્થિક અને સામાજિક બોજો ગણવામાં આવે છે, તેને સાપનો ભારો અને પારકી થાપણ માનવામાં આવે છે. સમાજમાં પ્રવેશેલા દહેજપ્રથા જેવા કુરિવાજોને લીધે પણ સ્ત્રી મા-બાપ માટે બોજારૂપ બને છે. ઉપરાંત પુત્રીના ચારિત્ર્યની ચિંતા, લગ્નની ચિંતા વગેરે બાબતોને લીધે પુત્ર-પુત્રીના જન્મમાં ભેદરેખા અંકાઇ છે. અત્યારે પુત્રી ભ્રૂણહત્યા માટે આ બધા પરિબળો જવાબદાર છે. અત્યારે સમાજમાં સ્ત્રી-પુરુષની અસમાનતા પરાકાષ્ઠાએ પહોંચી છે. છોકરો થોડું ઓછું ભણેલો હોય, આર્થિક સ્થિતિ સારી ન હોય તેવા છોકરાને છોકરી મળવી સંભવ નથી. આ પરિસ્થિતિને લીધે સ્ત્રીઓની અપહરણની ઘટનાઓ, દીકરીઓની નાસી જવાની ઘટનાઓ, આંતરજ્ઞાતીય લગ્નો, બળાત્કારની ઘટનાઓ બનશે. સ્ત્રી-સતામણી, જાતીય દુર્વ્યવહાર, સ્ત્રી શોષણ, વંધ્ય પુરુષોના પ્રશ્નો વગેરે જેવી અનેકવિધ સામાજિક સમસ્યાઓમાંથી સમાજની સ્થિતિ કરુણાજનક બની જશે. સમાજે ઊભી કરેલી લગ્નસંસ્થાઓને જબરદસ્ત ફટકો પડેશ. લગ્ન સંસ્થાઓ તૂટશે. સામાજિક સમસ્યાઓથી સમાજવ્યવસ્થા છિનભિન્ન થઇ જશે, જે દેશને ભારે નુકસાન પહોંચાડશે.

સમાજમાં સ્ત્રી અબળા નથી, પરંતુ પુરુષ સમોવડી છે તે દરેક ક્ષેત્રમાં પુરુષોને મહાત કરવા તૈયાર છે. આવી બાબતોની પ્રતીતિ સમાજને કરાવતા રહેવું તે સમજદાર નાગરિક તરીકે આપણે સ્વીકારી લેવું જોઇએ. તબીબો માટે જાતીય પરીક્ષણ માટે કાયદાઓનો ચુસ્તપણે અમલ કરાવવો જોઇએ. આવા સક્રિય પ્રયત્નોથી જ સ્ત્રી-ભ્રૂણહત્યાનું પ્રમાણ ઘટશે. આ માટે બેટી બચાવો અભિયાન પણ ચલાવવું જોઇએ. જેનાથી સમાજમાં જાગૃતિ આવશે.

- પરમાર પ્રિયંકા જે. રોલ નં. ૪૯, બી.એ. સેમ-૫ (સમાજશાસ્ત્ર)

# માનવ વિકાસ આંક...

આ એક સૂચકઆંક છે. જેનો ઉપયોગ દેશનો માનવ વિકાસ આંક જાણવા માટે થાય છે. આના ઉપરથી જાણી શકાય છે કે કયો દેશ વિકસિત, વિકાસશીલ અથવા અવિકસિત છે. માનવ વિકાસ સૂચકઆંક જીવન પ્રત્યાશા, શિક્ષાનો આંક જાણી શકાય છે. એચ.ડી.આઇ. નો વિકાસ પાકિસ્તાની અર્થશાસ્ત્રી મહેબુબ ઉલ હકે કરેલ છે. આને સંયુકત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે.

માનવ વિકાસ સૂચક આંકમાં દુનિયાના ૧૮૯ દેશોમાં ભારતનું સ્થાન ૧૩૦ મું ગણવામાં આવ્યું છે. દક્ષિણ એશિયામાં ભારતનો માનવ વિકાસ સૂચક આંક મૂલ્ય ૦.૬૩૮ થી વધારે માનવામાં આવ્યો છે. આ માહિતીમાં બાંગ્લાદેશ અને પાકિસ્તાનનો આંક ક્રમશઃ ૧૩૬ અને ૧૫૦ માં સ્થાને છે. ૨૦૧૬ માં ભારતનું સ્થાન ૧૩૧ મું હતું.

માહિતીને આધારે નોર્વે, સ્વિટઝરલેન્ડ, ઓસ્ટ્રેલિયા, આયર્લેન્ડ, જર્મનીના રિપોર્ટ અનુસાર ૧૯૯૦ થી ૨૦૧૭ ની વચ્ચે આંક ૨૬૬.૬ હતો. ભારતમાં માનવ વિકાસ આંકનું મૂલ્ય ૨૬.૮ હતું. અસમાનતાઓને લીધે મૂલ્ય ઓછું ગણવામાં આવ્યું હતું.

માનવ વિકાસ આંક તૈયાર કરવા માટે મહેબૂબ ઉલ હકે સ્ટીવર્ટ, ગુસ્તાવ રાનીસ, કીથ ગ્રિથિન, સુધીર આનંદ, મેઘનાથ દેસાઇ વગેરે જેવા અલગ-અલગ અર્થશાસ્ત્રીઓનું મંતવ્ય લીધેલ હતું. નોબલ પુરસ્કાર વિજેતા અમર્ત્ય સેને માનવ વિકાસ આંકને આધારે માનવ ક્ષમતાઓ ઉપર વિવિધ માહિતી રજૂ કરેલ છે.

માનવ વિકાસ આંક આર્થિક વિકાસની સાથે-સાથે માનવીના કલ્યાણમાં પણ સુધારો કરે છે.

વાળા પૂજા પી. -એમ.એ. સેમ-૪ (ઇકોનોમિક્સ)



કોલેજ [illegible]ા કચ્છ-ભૂજ-મૂંદ્રા ખાતે યોજાયેલ શૈક્ષણિક પ્રવાસ



સી.ડબલ્યુ.ડી.સી.ના ઉપક્રમે યોજાયેલ વાનગી હરીફાઇ



સી.ડબલ્યુ.ડી.સી. ના ઉપક્રમે રંગોળી હરીફાઇ




તા. ૧૯-૧૨-૨૦૧૯ ના રોજ કોલેજ ખાતે લુપીન કંપની દ્વારા વિદ્યાર્થીઓને ઇન્ડસ્ટ્રીઝનું માર્ગદર્શન





તા. ૨૦-૧૨-૨૦૧૮ ના રોજ કોલેજ અને તાલુકા હેલ્થ કચેરી પેટલાદ, દ્વારા 'તમાકુ અને માનવસ્વાસ્થ્ય' વિષય પર આયોજિત વકતૃત્વ સ્પર્ધામાં વકતવ્ય રજૂ કરતા શ્રી જિજ્ઞેશ વાઘેલા




તા. ૨૭-૧૨-૨૦૧૮ ના રોજ કોલેજ ખાતે યોજાયેલ ક્વિઝ સ્પર્ધામાં 'સુશાસન સામાન્ય જ્ઞાન' વિશે માહિતી અને માર્ગદર્શન આપતા ડૉ. જે.એ. ચૌધરી અને પ્રો. બી.ડી. જોશી.




સુશાસન સામાન્ય જ્ઞાન ક્વિઝ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડતા ડૉ. અલ્પેશ પ્રજાપતિ અને અધ્યાપક મિત્રો



'સુશાસન સામાન્ય જ્ઞાન' કસોટીમાં સહભાગી થયેલ સાયન્સ વિભાગના વિદ્યાર્થીઓ



તા. ૧૨-૧-૨૦૧૮ ના રોજ ઉત્તરાયણ પર્વની ઉજવણી પ્રસંગે 'પતંગ હરીફાઇ' માં સહભાગી થતા ત્રણે કોલેજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો



તા. ૨૨-૧-૨૦૧૯ ના રોજ કોલેજમાં 'સંસ્કૃત સંભાષણ' વર્ગોના ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા શાસ્ત્રી મેહુલભાઇ ભટ્ટ




તા. ૨૨-૧-૨૦૧૯ ના રોજ કોલેજ ખાતે યોજાયેલ 'રોજગારી ભરતી મેળો અને સ્વરોજગાર શિબિર' ના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત આણંદ રોજગાર અધિકારી શ્રી ડી. કે. ભટ્ટ, સંસ્થાના આચાર્યશ્રી ડૉ. વિમલ જોશી તથા અન્ય મહાનુભાવો.




તા. ૨૨-૧-૨૦૧૯ ના રોજ કોલેજ ખાતે યોજાયેલ 'રોજગારી ભરતી મેળો અને સ્વરોજગાર શિબિર' ના ઉદ્‌ઘાટન પ્રસંગે અધ્યક્ષીય ઉદ્‌બોધન કરતા પી.બી.એમ. પોલીટેક્ષ કંપનીના ફાઈનાન્સીયલ વાઇસ પ્રેસિડેન્ટ શ્રી સુરેશભાઈ કોટડિયા.

વ્હાલા વાચકમિત્રો,

'ઉત્થાન' એ વિદ્યાર્થીઓનાં જોમ અને ઉત્સાહ-શક્તિ દ્વારા સમાજમાં ઊંચા શિખરોસર કરી, તેમનાં સ્પંદનોને સ્પર્શ કરતા મેગેઝિન તરીકે સ્થાન પ્રાપ્ત કર્યુ છે. મેગેઝિનમાં લખેલા લેખ, કાવ્યો તથા અન્ય કૃતિઓ જે કંઇ તેઓએ સાંભળ્યું છે, વાંચ્યું છે કે વિચાર્યું છે તેને તેઓએ પોતાના શબ્દોમાં વ્યકત કરવા પ્રત્યનો કર્યા છે. આ 'ઉત્થાન' મેગેઝિન દ્વારા કવિઓ, લેખકો અને સાહિત્યકારોનો ઉછેર કરવાનું કામ થઇ રહ્યું છે. માટે વિદ્યાર્થીઓની જે કાંઇ ભૂલો છે તેને ક્ષમ્ય ગણી તેમને પ્રોત્સાહિત કરશો તેવી વાચક મિત્રો પાસેથી અપેક્ષા રાખીએ છીએ. વાંચનના અંતે આપના પ્રતિભાવ અમારા સરનામે લખી મોકલાવશો. અથવા

- સહતંત્રીશ્રી

Email ID - petladarts&sci@gmail.com માં લખી મોકલાવશો.

(Printed Matter)

BOOK POST

To

From :
આચાર્યશ્રી
શ્રી આર. કે. પરીખ આર્ટસ એન્ડ
સાયન્સ કોલેજ, પેટલાદ.
જિ. આણંદ - ૩૮૮ ૪૫૦. ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬
Email ID - petladarts&sci@gmail.com